ચાર કામદારો દટાયા, એકનું મોત

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.૧૭

અંધેરીના મરોલ વિસ્તારમાં ભારે વરસાદને કારણે સોમવારે નિર્માણધીન ઈમારતના સ્થળે માટી ધસી પડતા પાંચ કામદારો માટી નીચે દટાઈ ગયા હતા. આ ઘટનામાં એક કામદારનું મોત નીપજ્યું હતું. તો અન્ય ચાર ઘાયલ થયા હતા.

ચાર કામદારો હોસ્પિટલમાં : પાલિકાએ સાઈટ પર બાંધકામ કામગીરી અટકાવી

પ્રાપ્ત માહિતી મુજબ, આ અકસ્માતમાં ૨૭ વર્ષીય સોનેલાલ પ્રસાદનું મોત નીપજ્યું હતું. ઘટના મુજબ, અંધેરી પૂર્વના મરોલ વિસ્તારમાં એક બિલ્ડર દ્વારા એક ઈમારતનું નિર્માણ કામ ચાલી રહ્યું હતું. જેથી બાંધકામ સ્થળે માટીનો મોટો ઢગલો પડ્યો હતો. જો કે, ગઈકાલે દિવસભર મુંબઈ અને ઉપનગરોમાં ભારે વરસાદને કારણે નિર્માણધીન સાઈટ પર માટી ધસી પડી હતી.

જેમાં પાંચ કામદારો માટી નીચે દટાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગ અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. જેમાં માટી નીચે દટાયેલા પાંચેય કામદારોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ સમયે સોનેલાલ બેભાન હોવાથી તેને તાત્કાલિક

(અનુસંધાન ૯મા પાને)

ભણાવવાનું શરુ કરતાં પહેલાં વહીવટી કામ

શૈક્ષણિક વર્ષની શરુઆતમાં જ મુંબઈના ૧૦૦૦ શિક્ષકોને ઈલેક્શન ડ્યૂટી

મુંબઈ, તા.૧૭

ઉનાળાના વેકેશન બાદ શાળાઓ સોમવારથી ફરી શરુ થઈ હોવા છતાં વિવિધ શાળાઓના આશરે ૧૦૦૦ થી વધુ શિક્ષકોને પાલિકા ચૂંટણી સંબંધિત કામ માટે બ્લોક લેવલ ઓફિસર તરીકે ફરજ બજાવવાનો ઓર્ડર મળ્યો છે. આ શાળામાં મલાડની એક શાળાનો પણ સમાવેશ છે, જેના તમામ ૧૮ શિક્ષકોને બીએલઓની જવાબદારી સોંપાઈ છે.

મલાડની એક શાળાના તમામ શિક્ષકોને બીએલઓની ડ્યુટી સોંપાતા વર્ગો ખોરવાય તેવી હાલત

શાળાના એક શિક્ષકે જણાવ્યું હતું કે, ફરજનો પત્ર મળતાં જ અમને આઘાત લાગ્યો હતો. હજી તો નવું શૈક્ષણિક વર્ષ શરુ થઈ રહ્યું છે. ત્યાં જ ચૂંટણીની ફરજ સોંપાઈ છે. સામાન્ય રીતે શાળાના એકાદ-બે શિક્ષકને આ ફરજ સોંપાય પરંતુ અહીં તમામ શિક્ષકોને બીએલઓની ફરજ સોંપાઈ છે. શાળા મેનેજમેન્ટે શિક્ષણ વિભાગને પત્ર લખી આ આદેશનો પુનઃવિચાર કરવા જણાવ્યું છે.

શિક્ષકોએ સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે, અમારો ચૂંટણીના કામ સામે વિરોધ નથી. પરંતુ ચૂંટણી અને જનગણના બંને બિન-શૈક્ષણિક કામ છે અને એક જ શાળાના બધાં શિક્ષકોને આ ડ્યુટી આપવી યોગ્ય નથી. જો કે શિક્ષણ વિભાગે પણ આ બાબતે તપાસ થશે, એવું જણાવ્યું હતું.

૭૦૦માંથી ૩૪૫ કિમીનું કામ થયું

રોડ કોંક્રિટાઈઝેશનનું હજુ ૪૯ ટકા જ કામ થયું : પાલિકાની કબૂલાત

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ,તા.૧૭

મુંબઈમાં ૭૦૦ કિ.મી. લાંબા સિમેન્ટ કોંક્રિટીકરણ કામ મુંબઈ મહાનગરપાલિકાએ હાથ ધર્યું હતું. એમાંથી ૩૧મે સુધી માત્ર ૩૪૫ કિ.મી.લંબાઈ ધરાવતા ૧૩૮૫ રસ્તામાંનું કામ થયું છે. કુલ ૨૧૨૧ માર્ગોનું કોંક્રિટીકરણ થવાનું છે.

બે તબક્કામાં ધીમી કામગીરી : ગુણવત્તા સામે પણ નાગરિકોની પારાવાર ફરિયાદો

પાલિકાએ છેલ્લા કેટલાંક વર્ષોથી રોડ કોંક્રિટીકરણનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આમાં તબક્કાવાર રોડનું કામ કરવામાં આવી રહ્યું છે. જો કે છેલ્લા બે વર્ષમાં પાલિકાના રોડ વિભાગે સિમેન્ટ

(અનુસંધાન ૯મા પાને)

વિસ્તારો ઉપરાંત, થાણે, નવી મુંબઈ તથા રાયગઢ જિલ્લાઓને પણ ફાયદો થવાના દાવા કરવામાં આવી રહ્યા છે.

જોકે, આ પ્રોજેક્ટ હાથ ધરાયો

જમીનની ફાળવણી

-ગોરેગામમાં સ્થપાનારી મહારાષ્ટ્ર રાષ્ટ્રીય કાયદા યુનિવર્સિટી (લો-

-મેટ્રો ટુ એ, ટુબી અને મેટ્રો સાત માટે એશિયન ડેવલપમેન્ટ બેંક અને

(અનુસંધાન ૯મા પાને)

નવરાત્રિમાં મોડે સુધી બહાર નહિ જવાની સૂચનાનો અનાદર કરતાં કૃત્ય

દહિસરમાં આધેડ દ્વારા ધરમની બહેનની જ અશ્લીલ ઈમેઈલ્સ મોકલી સતામણી

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૧૭

છેલ્લા કેટલાક વર્ષોથી ઈંગ્લેન્ડથી પાછા આવ્યા બાદ દહિસરમાં રહેતા ૪૭ વર્ષીય ગુજરાતી આધેડની તેના ઘર પાસે જ રહેતી અને તેની ધર્મની માનેલી બહેન યુવતીની ઓનલાઈન જાતીય સતામણી કરવાના આરોપસર પરપકડ કરાઈ છે. આ આધેડે યુવતીને નવરાત્રિમાં અન્ય યુવકો સાથે ગરબા રમવા જવા માટે ના પાડી હતી. યુવતીએ તેની વાત માનવા ઈન્કાર કરતાં ટેકનોલોજીના જાણકાર આધેડે યુવતીને અશ્લીલ અને બદનશીભર્યા ઈમેઈલ મોકલી તથા તેના નામે ડમી ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ બનાવી તેના પર અશ્લીલ મેસેજીસ મૂકી તેની ઓનલાઈન સતામણી કરી હતી. પોતાની ઓળખ છુપી રાખવા તેણે વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્કનો ઉપયોગ કર્યો હતો. જોકે, પોલીસે ઈન્ટરનેટ કંપનીઓ પાસેથી ડેટા મેળવ્યા બાદ આ આધેડને પારખી લઈ તેને ઝડપી લીધો હતો.

ખાનગી કંપનીમાં કામ કરતી ૩૦ વર્ષની યુવતીને ગત નવેમ્બરથી અશ્લીલ લખાણ ધરાવતા ઈ-મેઈલ્સ મળવા લાગ્યા હતા. આ ઈ-મેલમાં તેમના વિશે બદનશીભરી વાતો લખી હતી. તેમાં તેના અંગત જીવનની વાતા પણ જણાવાઈ હતી. યુવતીએ આ મામલે દહિસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ અભદ્ર લખાણ, જાતીય ટિપ્પણીઓ કરવા અને બદનશીભરી વાતો ફેલાવવા બદલ માહિતી ટેકનોલોજી અધિનિયમ હેઠળ કેસ નોંધ્યો હતો.

દહિસર પોલીસે સાયબર નિષ્ણાતની મદદથી કેસની તપાસ શરૂ કરી હતી. ગુગલ અને ઈન્સ્ટાગ્રામ જેવી

(અનુસંધાન ૯મા પાને)

વીપીએનનો ઉપયોગ કરી ઓળખ છુપાવી, યુવતીના નામે નકલી ઈન્સ્ટા એકાઉન્ટ પણ બનાવ્યું : પોલીસે ઈન્ટરનેટ કંપનીઓમાંથી ડેટા મેળવીને પગેરું દબાવ્યું

નવી મુંબઈ પાલિકાના કર્મચારીએ બેધડક લાંચ માગી

મોત બાદ પણ લાંચથી છૂટકારો નહિ: કફન માટે બે હજાર રુપિયાની માગણી

મુંબઈ, તા. ૧૭

નવી મુંબઈના વાશીમાં આવેલ મહાનગર પાલિકાની હોસ્પિટલમાં શબઘર (મોર્ચ્યુરી)માં રાખેલ એક મૃતદેહના કફન માટે એક કર્મચારીએ બે હજાર રૂપિયાની માગણીથી બાબતમાં મચી ગયો હતો. આ બાબતનો વીડિયો સામે આવતા લોકો આ કર્મચારી પર ફીટકાર વરસાવી રહ્યા છે. આ ઘટનાને લીધે નાગરિકોમાં રોષની લાગણી ફરી વળી હતી. એક ૨૩ વર્ષની યુવતીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધા બાદ તેના સંબંધીઓ પાસે શબઘરમાં આ મુજબની માગણી કરવામાં આવી હતી.

ટૂંકા પગારથી આર્થિક ભીડ અનુભવતી ૨૩ વર્ષની યુવતીના આપઘાત બાદ મૃતદેહ લેવા આવેલાં માં-બાપ પાસે નફ્ફટ થઈ પૈસા માગ્યા

આ સંદર્ભે વધુ વિગતાનુસાર મૂળ યુપીના કાનપુરની યુવતી નવી મુંબઈના ઐરોલી વિસ્તારમાં પેઈંગગેસ્ટ તરીકે રહેતી હતી. તે એક આઈટી કંપનીમાં કામ કરતી હતી. રવિવારે સવારે તેણે ગાળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ વાતની જાણ થતા તેના માતા-પિતા તાત્કાલિક નવી મુંબઈ દોડી આવ્યા હતા. આ લોકો જ્યારે વાશીની પાલિકાની હોસ્પિટલના શબઘરમાં પુત્રીના મૃતદેહનો કબ્જો લેવા ગયા ત્યારે ત્યાં ફરજ બજાવતા એક કર્મચારીએ કફન (સફેદ કપડા) માટે પહેલા એક હજાર અને પછી તરત જ બે હજાર રૂપિયાની માગણી કરી હતી.

આ સમગ્ર ઘટના મૃતક યુવતીના એક સંબંધીએ મોબાઈલમાં કેદ કરી લીધી હતી. મૃતકના સંબંધીઓએ માધ્યમોને જણાવ્યું હતું કે યુવતીએ અચાનક ભરેલા આત્મહત્યાના અંતિમ પગલાથી અમે પહેલેથી દુઃખી છીએ ત્યારે પાલિકાના કર્મચારીના આવા નિષ્ઠુર વર્તને અમને વધુ દુઃખ પહોંચાડ્યું હતું. મૃતકના સંબંધીઓએ આ કર્મચારી સામે કઠોર કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી કરી હતી.

આ ઘટના બહાર આવતા અને સોશિયલ મીડિયા તેમ જ ચેનલોમાં સમગ્ર ઘટનાની નોંધ લેવામાં આવતા પાલિકાના કર્મચારીઓ પરિસ્થિતિ ગેરફાયદો ઉઠાવતા હોવાનું સ્પષ્ટ થયું હતું. આ ઘટના બાદ સોશિયલ મીડિયામાં પણ દોષી કર્મચારી સામે કઠોર કાર્યવાહી કરવાની માગ ઉઠી હતી.

ચંદુભાઈ શેઠના સથવારે
ઉત્તરાખંડ ચારધામ
પ્રવાસ ખર્ચ દિવસ ૧૩
રૂ. ૪૧,૫૫૫/-
પ્રવાસ - ૪ સપ્ટેમ્બર ૨૦૨૫
સરલ ટૂર્સ એન ટ્રાવેલ્સ
7738682000 / 9136043755